**વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની USA ની મુલાકાત (30 જૂન- 02 જુલાઈ, 2025)**

**29 જૂન, 2025**

1. U.S. સેક્રેટરી ઓફ સ્ટેટ શ્રી માર્કો રુબિયોના આમંત્રણ પર, ભારતના વિદેશ મંત્રી (EAM) ડૉ. એસ. જયશંકર, 30 જૂનથી 02 જુલાઈ 2025 સુધી સંયુક્ત રાજ્ય અમેરિકાનો સત્તાવાર પ્રવાસ કરશે અને ક્વાડ વિદેશ મંત્રીઓની મીટિંગ (QFMM) ના આગામી સંસ્કરણમાં ભાગ લેશે, જે 1 જુલાઈ 2025 માટે નિર્ધારિત છે.

2. ક્વાડ વિદેશ મંત્રીઓ 21 જાન્યુઆરી 2025 ના રોજ વોશિંગ્ટન ડીસીમાં યોજાયેલી છેલ્લી QFMM દરમિયાન થયેલી ચર્ચાઓને આગળ ધપાવશે. તેઓ પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર, ખાસ કરીને હિન્દ-પ્રશાંત સંબંધિત, વિચારોનું આદાન-પ્રદાન કરશે અને ભારત દ્વારા આયોજિત ક્વાડ નેતાઓના શિખર સંમેલન પહેલાં વિવિધ ક્વાડ પહેલ પર થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. મંત્રીઓ મુક્ત અને ખુલ્લા હિન્દ-પ્રશાંતના સહિયારા વિઝનને આગળ વધારવાના હેતુથી નવી દરખાસ્તો પર પણ ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

3. વિદેશ મંત્રી 30 જૂન 2025 ના રોજ સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય, ન્યુ યોર્ક ખાતે "આતંકવાદની માનવીય કિંમત" નામના પ્રદર્શનનું ઉદ્ઘાટન પણ કરશે. આ પ્રદર્શન વિશ્વભરમાં થયેલા ઘૃણાસ્પદ આતંકવાદી કૃત્યોના વિનાશક પરિણામો અને આતંકવાદ સામે લડવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા લેવામાં આવેલા પગલાંઓ પર પ્રકાશ પાડશે.

**નવી દિલ્લી**

**29 જૂન, 2025**